# ઈન્દ્રોડાના દરબારવાસમાં ત્રણ જગ્યાએથી જુગાર ઝડપાયો

## ૯ જુગારીઓની રૂ. ૮૫૨૦ના રોકડ મુદ્દામાલ સાથે ધરપકડ : સે-૭ પોલીસે રાત્રે પાડેલા દરોડા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીકના ઈન્દ્રોડા ગામના દરબાર વાસમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી મળતા સે-૭ પોલીસની ટીમે દરોડા પાડીને રાત્રે ત્રણ સ્થળોએથી જુગાર પકડી પાડયો છે. દરબારવાસમાં ચાલી રહેલા જુગારમાં ૯ આરોપીઓની રૂ. ૮૨૫૦ રોકડા સાથે ધરપકડ કરી લેવામાં આવી છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

સેકટર-૭ પી.આઈ. જે.એમ. ભરવાડને ગઈ રાત્રે બાતમી મળી હતી કે ઈન્દ્રોડા ગામના દરબારવાસમાં જુગાર રમાઈ રહ્યો છે જેને આધારે પી.એસ.આઈ. એ.જી. રાઠોડ તથા તેમની ટીમે દરોડા પાડીને ત્રણ સ્થળેથી જુગાર પકડી પાડયા હતાં. એક દરોડામાં રૂ. ૩૬૦૦ રોકડા સાથે વિક્રમ ભરત ગોહિલ, સંજય નટવર ગોહીલ અને હર્ષદગીરી દિનેશગીરી ગોસ્વામીની ધરપકડ કરવામાં આવી હતી. બીજા દરોડામાં રૂ. ૨૫૦૦ રોકડા સાથે અનિલ રમણ ઠાકોર, હિતેષ પ્રવિણ ગોહીલ અને નરેન્દ્ર અમર ગોહીલ ત્રણ શખ્સોને પકડી લીધા હતાં. તે ઉપરાંત ત્રીજા સ્થળેથી પણ ત્રણ જણા જુગાર રમતા મળી આવ્યા હતા. જેમાં રૂ. ૨૪૨૦ સાથે અશોક પતાજી ગોહીલ, રણજીત તખુજી ગોહિલ અને મુકેશ નટવર ગોહીલને ઝડપી લેવામાં આવ્યા હતા. ત્રણ અલગ અલગ દરોડામાં ૯ જુગારીઓની રૂ. ૮૫૨૦ રોકડ મુદ્દામાલ સાથે સે-૭ પોલીસે ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઘરફોડ વધતા પોલીસ અમલદારો પાસે એસ.પી.એ. ખુલાસા માંગ્યા

## ઘરફોડ ચોરીના ગ્રાફની સામે ડીટેકશનનો ગ્રાફ શરમજનક...!

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં ઘરફોડ ચોરીઓમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે તેની સામે ડીટેકશન કામગીરી નહિવત જોવા મળતા ગાંધીનગર એસ.પી. દ્વારા જિલ્લાના તમામ એવા પોલીસ મથક કે જયાં ઘરફોડ વધુ બની છે તેના અમલદારો પાસેથી લેખિતમાં ખુલાસા મંગાવ્યા છે.

ગાંધીનગરમાં બનતા ઘરફોડ, ચેઈન સ્નેચીંગ તથા ચોરીઓના ગુનાઓમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે ત્યારે તેની સામે ગુનાઓનું ડીટેકશન શરમજનક ગણી શકાય તેવું છે. ગુનાખોરીની સામે ડિટેકશન કામગીરી ઓછી દખાતા ગાંધીનગર એસ.પી. શરદ સિંઘલે પોલીસ અમલદારોની પાસેથી લેખિતમાં ખુલાસા મંગાવ્યા છે. જિલ્લાનાં કયાં કયાં પોલીસ સ્ટેશનમાં કેટલી ઘરફોડ ચોરીઓ થઈ છે તે લીસ્ટ આઉટ કરીને જયાં વધારે ઘરફોડ ચોરીઓ બની છે તે હદ વિસ્તારના પી.આઈ.ની પાસેથી લેખિતમાં ખુલાસા મંગાવવામાં આવ્યા છે. ઉલ્લેખનીય બબાત છે કે ખુલાસામાં અમલદાર પોલીસ પાસેથી વ્યવસ્થિત પેટ્રોલીંગ કરાવે છે કે નહીં તે સહિતની વિગતો મંગાવવામાં આવી છે.



રક્તદાન - મહાદાન : સેક્ટર-૨૯ ખાતે ખાનગી નર્સિંગ હોમમાં રક્તદાન શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ રક્તદાન કરી માનવતાની મહેંક પ્રસરાવી હતી.

# વીજ કરંટથી મૃત્યુ પામનાર હોમગાર્ડ જવાનના પરિવારને ૫ લાખનો અવસાન સહાય ચેક અર્પણ

ચિલોડા, તા. ૧

ગાંધીનગર તાલુકાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથક પાસે તા. ૨૯-૪-૨૦૧૩ના રોજ



ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે રાત્રી ફરજ દરમ્યાન ચોરી કરવા આવેલ શખ્સોને પકડવા જતાં ચિલોડા યુનિટ કચેરીના હોમગાર્ડઝ સભ્યશ્રી વિક્રમસિંહ બિહોલાનું વીજ કરંટ લાગતા કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું. આ મૃતક પરિવારનો મોભી ગુમાવતા સમગ્ર વિસ્તારમાં ભારે દુઃખની લાગણી પ્રસરી જવા પામી હતી. પરિવારને માનવતાની રાહે ચિલોડા પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીઓએ પરિવારને મદદરૂપ થવા માટે રૂ. ૨૫૧૦૧ની રકમ તથા ચિલોડા હોમગાર્ડજ સબ યુનિટના જવાનોએ એક દિવસનો પગાર આપી રૂ. ૨૧૧૧૧ની માતબર રકમ આપી માનવતાની મહેક પ્રસરાવી હતી.

આ ઉપરાંત જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝની કચેરી દ્વારા ફરજ દરમ્યાન મૃત્યુ પામેલ જવાન સ્વ. વિક્રમસિંહ બિહોલાના પરિવારને હુલ્લડ કે તોફાનોમાં પુર, આગ જેવા પ્રસંગોએ જાનના જોખમે હિંમત અને શૌર્ય દાખવવા જતાં થયેલ અવસાન પ્રસંગે સ્વ. શ્રી બિહોલાના વારસદાર ગ. સ્વ. મમતાબા વિક્રમસિંહ બિહોલાને હોમગાર્ડઝ વેલ્ફર ફંડમાંથી રૂ. ૫,૦૦૦૦૦ એક પાંચ લાખની આર્થિક સહાયની રકમનો ચેક પાલજ ગામના સરપંચ શ્રી જસવંતસિંહ કેસરીસિંહ બિહોલા, પૂર્વ સરપંચશ્રી ગણપતભાઈ નેનાભાઈ વાઘેલા, પાલજ દૂધ મંડળીના ચેરમેન શ્રી રઘુવિરસિંહ કાળુસિંહ બિહોલા તથા ઓફીસર ઈન્ચાર્જ, પ્લાટુન સાર્જન્ટ શ્રી બાબુભાઈ એમ. જાદવના હસ્તે અર્પણ કરી મદદરૂપ થવાની લાગણીની કામગીરીને બિરદાવી હતી.

## આજે સોમનાથ મહાદેવ મંદિરે લઘુરૂદ્ર યજ્ઞ યોજાશે

શ્રી સોમનાથ મહાદેવ સમિતિ સેક્ટર-૧૬ દ્વારા પવિત્ર શ્રાવણમાસના છેલ્લા સોમવારે લઘુરૂદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે પ્રદોષ છે એટલે સોમપ્રદોષનું વ્રત શિવજીને ખુબ જ પ્રિય છે. પ્રદોષમાં રાત્રી પૂજનનું મહત્વ છે. માટે બીજા પહોરમાં ૧૧ ફળોના રસથી અભિષેક, મહાપૂજા અને ૧૦૦૦ કમળપુષ્પથી મહાદેવનું અર્ચન કરવામાં આવશે. તેમજ સવારે પાર્થેશ્વર શિંવલીંગની પૂજા કરવામાં આવશે.

## આજે વૈજનાથ મહાદેવ મંદિરે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર નજીક આવેલ પ્રસિદ્ધ વૈજનાથ મહાદેવ મંદિર વાસન ગામ ખાતે સંજયભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠનું આયોજન ૨ સપ્ટેમ્બર-૨૦૧૩ને સોમવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે કરવામાં આવ્યું છે. તો સંગીતમય સુંદરકાંડના પાઠમાં સર્વે ધાર્મિક ભક્તોને પધારવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# માર્ગો પર વાહનોની ટકકરે મોતને ભેટતા પશુઓને ખસેડવાની કોઈ તસ્દી લેતું નથી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો સહિત અને માર્ગો પર દોડતા નાના-મોટા વાહનોની નીચે કચડાઈ જતા પશુઓને માર્ગ પરથી કોઈ જોવા જતું નથી અને આથી પશુ પ્રેમીઓમાં ભારે દુઃખની લાગણી જોવા મળી છે અને તંત્ર મૃત ઢોરો પશુઓને માર્ગ પરથી ઉઠાવવા માટે કોઈ કાર્યવાહી કરે તેવું પશુ પ્રેમીઓ ઈચ્છી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો તથા ગાંધીનગર-કોબા માર્ગ પર છેલ્લા કેટલાક દિવસોથી મોડી રાત્રે અને સવારે મોટા મોટા લોડીંગ ટ્રકની નીચે આવી જતા પશુઓના મૃત્યુના બનાવો વધવા પામ્યા છે. અને આ પશુઓના મૃત્યુ પછી કેટલાય દિવસો સુધી માર્ગ પર જ જેમની તેમ સ્થિતિમાં પડી રહે છે આથી અન્ય નાના વાહન ચાલકોને માર્ગમાં કંઈ ન દેખાતા અનેકવાર અકસ્માત સર્જાય છે. વારંવાર સર્જાતા પશુઓના મોત સંદર્ભે કોઈપણ વ્યકિત ધ્યાન આપતું જ નથી અને મૃત પશુઓ કેટલાય દિવસ સુધી માર્ગમાં પડયા પડયા સડી જાય છે અને અન્ય પશુઓ તેમજ પક્ષીઓ તેને ખાઈ બગાડ કરતા હોય છે. આ સંદર્ભે છેલ્લા કેટલાક સમયથી પશુ પ્રેમીઓમાં રોષ સાથે દુઃખની લાગણી જોવા મળી છે.

# શહેરનો ઘ-૪ ગાર્ડન અસામાજીક તત્વોનો અડ્ડો બની રહ્યો છે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના વિધાનસભાથી લઈને મહાત્મા મંદિર સુધી ગાર્ડન આવેલો છે. આ ગાર્ડનમાં સાંજ પડ્યે માનવ મહેરામણ ઉમટે છે. પરંતુ રાત્રીના સમયે આ વિસ્તારમાં અસામાજીક તત્વો અડ્ડો જમાવીને બેસે છે અને અસામાજીક પ્રવૃત્તિ પણ ધમધમે છે. પોલીસ તંત્ર દ્વારા રાત્રીના સમયે આ વિસ્તારમાં વધુ સઘન પેટ્રોલીંગ કરવામાં આવે અને લુખ્ખા તત્વોને યોગ્ય પાઠ ભણાવવામાં આવે તેવી શહેરીજનોની માંગણી છે.

શહેરના વિધાનસભાથી મહાત્મા મંદિર સુધી બનાવેલ નવિન ગાર્ડનમાં શહેરીજનો સાંજ ઢળે પોતાના પરિવાર સાથે આવે છે. સુંદર મજાના કુદરતી વાતાવરણમાં ગાર્ડનમાં બેસીને લોકો રાહત અનુભવે છે. જયારે નાના બાળકોના કલરવથી બગીચો ગુંજી ઉઠે છે. શહેરીજન પોતાના મહેમાનને પણ આ નગરની શાન સમાન ગાર્ડનમાં ઘુમવા માટે લઈ આવે છે તેમજ રાત્રીના સમયે નગરજનો પોતાનું સ્વાસ્થ્ય સારૂ રહે તે માટે ચાલવા પણ આવે છે.

પરંતુ રાત્રીના સમયે ગાર્ડન વિસ્તારમાં અસામાજીક તત્વો અડ્ડો જમાવીને બેસી જાય છે અને બગીચામાં આવતી યુવતિઓની મશ્કરી કરતા પણ અચકાતા નથી. તેમજ આ વિસ્તારમાં બાઈકની રેસ લગાવતા હોય તેવા બાઈકચાલકો અને સ્ટંટબાજો નજરે ચડે છે. વધુમાં અસામાજીક પ્રવૃત્તિ પણ રાત્રીના સમયે ધમધમતી હોવાથી પોલીસતંત્ર દ્વારા આ વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ કરી પોલીસ લુખ્ખાતત્વોને યોગ્ય પાઠ ભણાવે તેવી શહેરીજનોની લાગણી અને માંગણી છે.

# ચાલુ ટ્રેને ટ્રેક પર પટકાયેલા યુવાનના ત્રણ ટુકડા થઈ ગયા

## અમદાવાદથી દહેગામ જતી ટ્રેનમાંથી મેદરા-વજાપુરા વચ્ચે બનેલી દુર્ઘટના : ઘટના કેવી રીતે બની તેની તપાસ ચાલુ

ગાંધીનગર, તા. ૧

અમદાવાદથી દહેગામ તરફ જઈ રહેલી ચાલુ ટ્રેનમાંથી વજાપુરા ગામનો ૨૨ વર્ષીય યુવાન ટ્રેક પર પટકાતા તેના ત્રણ ટુકડા થઈ ગયા હતા. આ કમકમાટીભરી દુર્ઘટનામાં યુવાનનું ઘટનાસ્થળે જ મૃત્યુ થઈ ગયુ હતુ. મેદરા ગામથી વજાપુરા ગામ વચ્ચે ટ્રેક પર આ દુર્ઘટના બનવા પામી હતી. યુવાન કેવી રીતે ચાલુ ટ્રેનેથી નીચે પટકાયો હતો તે સહીતની તપાસ ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને શરૂ કરી છે.

મેદરા ગામથી વજાપુરા ગામ વચ્ચેના રેલવે ટ્રેક પર એક ૨૨ વર્ષના યુવાનનું ટ્રેનમાંથી પડી જઈને ટાયર નીચે આવી જતા મૃત્યુ નિપજ્યું હતું. યુવાનના ત્રણ ટુકડા થઈ ગયેલી હાલતમાં મૃતદેહ પડ્યો હોવાની જાણ ડભોડા પોલીસને ડભોડા રેલવે માસ્ટરે કરતાં ડભોડા પીએસઆઈ એસ.બી. વાઘેલા સ્થળ પર પહોંચી ગયા હતા. તપાસ કરતાં આ ૨૨ વર્ષિય યુવાન વજાપુરા ગામનો નિકુલ દશરથજી ઠાકોર હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ચાલુ ટ્રેનમાંથી કેવી રીતે પટકાયો તેની ઊંડી તપાસ શરૂ કરી છે.

# દારૂ પીને બાઈક પર જતાં ત્રણ શખ્સો વાવોલ ફાટકેથી પકડાયા

## રાત્રે વાહનચેકીંગ દરમ્યાન પીધેલા પકડાયેલા ત્રણેય વિરૂદ્ધ ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના વાવોલ ગામના ફાટક પાસે વાહન ચેકીંગ ચાલી રહ્યું હતું તે દરમ્યાન રાત્રે દારૂ પી ને બાઈક પર જતાં ત્રણ શખ્સો પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. બાઈકચાલક શખ્સ વિરૂદ્ધ નશામાં બાઈક ચલાવવા ઉપરાંત અન્ય બે પર પીધેલાનો કેસ કરીને ત્રણેય વિરૂદ્ધ સે. ૭ પોરીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાવોલ ફાટક પાસે ગઈ રાત્રે સેક્ટર-૭ પોલીસ દ્વારા વાહન ચેકીંગ ચાલી રહ્યું હતું તે દરમ્યાન એક બાઈક પર ત્રણ સવારી નીકળેલા શખ્સોને ઉભા રાખી લાયસન્સ માંગતા દારૂની દુર્ગંધ પોલીસને આવી ગઈ હતી. પુછપરછ કરતાં ત્રણેય શખ્સો દારૂ ઢીંચીને આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. બાઈકચાલક શખ્સ સામે દારૂ પી ને વાહન ચલાવવાનો તથા અન્ય બે સામે દારૂ પીવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. સે. ૭ પોલીસે કલ્પેશ મણીલાલ મોહૈયા, મનોજ રમણલાલ પરમાર અને રાજેશ ચંદુભાઈ ઠાકોરની ધરપકડ કરીને જમાદાર કાનાભાઈએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગરનાં માર્ગો પર શિવભક્તો જામળાનાં 'આસુદેવ મહાદેવ' મંદિરે પગપાળા જતાં જોવા મળ્યા હતા. છેલ્લા ૧૮ વર્ષથી શાહીબાગ અમદાવાદથી સવારે ૫ વાગે ભગવાન શંકરના રથને ખેંચીને રાત્રીનાં ૮ કલાકે પહોંચશે. શ્રાવણ માસનાં છેલ્લા સોમવારને અનુલક્ષીને વર્ષોથી ચાલતી આ ધાર્મિક પરંપરા પ્રમાણે સોમવારે સવારે શુભ મુહૂર્તમાં ધજા ચડાવાશે અને જયઘોષ કરશે. લગભગ ૬૦૦ જેટલા પદયાત્રીઓ આ સંઘમાં જોડાયા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૫

સૂર્યાસ્ત : ૬.૫૪

## તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૬૫ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૯.૩૦, ૨.૪૫, ૭.૪૫

ધ કૉન્જુરીંગ : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૨ :

સત્યાગ્રહ : ૯.૦૦, ૧૨.૦૦ ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :

સત્યાગ્રહ: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

મદ્રાસ કાફે : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

સત્યાગ્રહ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

વૉન્ટેડ ચાઈલ્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

સત્યાગ્રહ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

મદ્રાસ કાફે : ૧૦.૦૦, ૧.૦૦, ૭.૦૦

સત્યાગ્રહ : ૪.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

સત્યાગ્રહ : ૧૧.૦૦, ૮.૧૫, ૧૧.૦૦

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૨.૦૦

મુંબઈ અગૅઈન : ૫.૦૦

### ચિરાગ, કલોલ

સત્યાગ્રહ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત જગદીશ જોષી નિવાસ સ્થાન ૧૬૦/૧૧, કડી સ્કુલ ૪- નંબર ગેટની સામે, શિવ મહિમ્ન પાઠ તથા સ્તુતિ વંદના.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે મયંકભાઈ ભટ્ટ કોલવડા નગર, સેકટર-૨૮ ખાતે શિવ મહિમ્નપાઠ અને સ્તુતિ વંદના.

### શૈક્ષણિક

- સેકટર-૪માં આવેલ સરસ્વતી વિદ્યાલય ખાતે સવારે ૯.૩૦ કલાકે 'ગાંધી જીવન દર્શન' વિષય પર વાર્તાલાપ

## આપની આજ

**મેષ** : નવા સંબંધો લાભદાયક રહેશે. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી.

**વૃષભ** : નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા.આવક- ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે.

**મિથુન** : આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે.

**કર્ક** : મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવના છે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન-મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

**સિંહ** : મિત્ર વર્ગ, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ કાર્ય થશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

**ધન** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે.

**મકર** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : વિદ્યાર્થી પોતાની મહેનતથી આગળ વધશે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે.

**મીન** : કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થશે. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે.

## ચિરવિદાય

- સ્વ. નટવરલાલ હરજીવનદાસ પટેલ (ઉ.વ. ૭૧) પ્લોટ નં. ૮૮૪/૨, વિરાટનગર, સેકટર-૨૩, ગાંધીનગર.
- સ્વ. ભાનુપ્રસાદ જગજીવનદાસ પાઠક (ઉ.વ. ૬૫) મુ.પો. રીદ્રોલ, તા. માણસા, જિ. ગાંધીનગર.